# ડૉ. બાબાસાહેબ આંબેડકરનો ભારત માટેનો દ્રષ્ટિકોણ – એક અભ્યાસ

દ્રષ્ટિબેન. બી. પટેલ
**Phd સ્કોલર**
અર્થશાસ્ત્ર વિભાગ
વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી,સુરત.

ડૉ.હેમાલી.એ. દેસાઈ

## 1. સારાંશ :-

ભારતના બંધારણના મુખ્ય ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકર  આધુનિક અને પ્રગતિશીલ ભારતના મુખ્ય વિચારકો માના એક હતા. એક સ્વપ્નદ્રષ્ટા જે તેમના સમય કરતા ઘણા આગળ હતા. તેમણે ન્યાય સમાનતા અને સ્વતંત્રતાના સિદ્ધાંતો પર બનેલા રાષ્ટ્રની કલ્પના કરી હતી. એક એવું ભારત જેમાં સમાજના તમામ વર્ગો સામાજિક, આર્થિક, અને રાજકીય રીતે સશક્ત બને એક એવું ભારત જેમાં દરેક નાગરિક માને છે અને વિકાસયાત્રાનો ભાગ છે, એક સમાવિષ્ટ સમાજ જે દરેક વર્ગને એક સાથે લઈ જાય છે એક રાષ્ટ્ર જ્યાં એક સર્વાંગી અને સમાવિષ્ટ અભિગમ પ્રગતિને આગળ ધપાવે છે. જેમ જેમ આપણે વિઝન 2047 તરફના આપણા પ્રયાસોને વેગ આપીએ છીએ, તેમ તેમ આપણે અનુભવીએ છીએ કે ઘણી રીતે ડો.બી. આર. આંબેડકરના આદર્શો આપણા વિકાસ ભારતના ધ્યેયો સાથે ઊંડાણપૂર્વક પડઘો પાડે છે. અને તે સમાન સશક્ત અને વિકસિત ભવિષ્ય માટે આપણી આંક્ષાઓને પ્રાપ્ત કરવામાં આપણને માર્ગદર્શન આપે છે.

## 2. પ્રસ્તાવના :-

ડૉ. બાબાસાહેબ આંબેડકર નો જન્મ 14 એપ્રિલ 1891 ના રોજ મધ્યપ્રદેશના મનુ નામના સૈનિક છાવણી શહેરમાં થયો હતો. તેમના પિતાનું નામ રામજી માલોજી સતપાલ અને માતાનું નામ ભીમાભાઇ હતું ડો. બાબાસાહેબ આંબેડકર ભારતીય ઇતિહાસના એક મહાન વ્યક્તિત્વ હતા, પ્રખર કાનૂનવિદ, અર્થશાસ્ત્રી,  સમાજ સુધારક અને રાજકીય નેતા હતા. ભારતના બંધારણના શિલ્પી તરીકે તેમને ડ્રાફ્ટિંગ કમિટીનો અધ્યક્ષ સંભાળ્યું હતું અને ત્યારબાદ તે સમયના પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરુની કેબિનેટમાં પ્રથમ કાયદા અને ન્યાયમંત્રી તરીકે સેવા આપી હતી.

ડૉ. બાબાસાહેબ આંબેડકર એ ભારત માટે એવા સ્વપ્નની કલ્પના કરી હતી કે પ્રત્યેક વ્યક્તિને સમાન અધિકારો મળે અને શોષણ મુક્ત સમાજનો વિકાસ થાય. તેમજ ભારતીય બંધારણ સભામાં નિભાવેલી જવાબદારીને કારણે તેમને બંધારણના ઘડવૈયા તરીકે પણ ઓળખવામાં આવે છે. અને તેઓ ભારતના પ્રથમ કાયદા મંત્રી હતા.

## 3. હેતુઓ :-

1) બાબાસાહેબ આંબેડકરના વિચારોનુ મૂલ્યાંકન કરવું.

## 4. સંશોધન પદ્ધતિ :-

પ્રસ્તુત સંશોધન વર્ણનાત્મક સંશોધન પદ્ધતિ ના આધારે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## 5. સાહિત્ય સમીક્ષા :-

પ્રિયંકાબેન કિર્તીકુમાર પટેલ (એપ્રિલ – 2021) □□□ □□□□□□□ ડૉ. બાબાસાહેબ આંબેડકરના વિચારો.

તેમના અભ્યાસમા જાણવા મળ્યું છે કે, ડૉ. બાબાસાહેબ આંબેડકર ના વિચારોએ હાલના રાજકારણ ને પ્રભાવિત કર્યા છે. બાબાસાહેબ આંબેડકરના  અસ્પૃશ્યતાને પ્રોત્સાહન, શિક્ષણને પ્રોત્સાહન, અને અર્થશાસ્ત્રમાં જમીન વિહોણા મજૂરો અને જમીન માટેના વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

## 6. ડૉ. બાબાસાહેબ આંબેડકર અને સામાજિક માનવવાદ:-

આધુનિક યુગમાં ડો. બાબાસાહેબ આંબેડકરને માનવવાદી ચિંતક તરીકે ઓળખવામાં આવી રહ્યા છે. તેમનું સામાજિક આર્થિક રાજકીય ચિંતન ગરીબ, બેઘર, લાચાર અને છેવાડાના માનવીઓના હિત અને કલ્યાણ માટે ઉદ્ભભવ્યું અને પરિણામ લક્ષી બની રહ્યું.

ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્વાનુભવ દ્વારા સર્વાનુભવ સુધી પહોંચવાની નીતિને માનવ માત્રના કલ્યાણ અર્થે રજૂ કરીને આખરે તો “હું માનવી થાઉં તો ઘણું છે.” એ ન્યાયે માનવતાને જ સૌથી વધુ મહત્વ આપ્યું છે. અને એ દ્વારા માનવીના સર્વાંગી વિકાસ માટેના વિચારો, તેમજ માનવ- માનવ પ્રત્યે દયા ભાવના, કરુણા, પ્રેમ, યોગ્ય વર્તન, સમતા, બંધુતા અને સ્વતંત્રતાની ભાવના ઉપર ભાર મૂકવામાં આવ્યો છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરે દરેક વ્યક્તિ માટે બંધારણમાં મિલકત ધરાવવાની મૂળભૂત અધિકારોની જોગવાઈ કરી આર્થિક માનવવાદને ગતિશીલ બનાવ્યો છે. તેમજ ડૉ. આંબેડકરે સંવિધાનમા કાનૂની જોગવાઈઓ કરીને સર્વ માટે શિક્ષણના દ્વાર ખુલ્લા કરી આપ્યાં, તેમ જ ધર્મમાં છૂટા-અછૂટ નો ભેદભાવ હતો તે દૂર કરી કોઈપણ વ્યક્તિ ઈચ્છા મુજબ ગમે તે ધર્મ પાળી શકે તે પ્રકારની છૂટ સંવિધાન અંતર્ગત પ્રદાન કરીને વ્યક્તિને ધાર્મિક સ્વતંત્રતાની છૂટ આપી અને દરેકે દેશવાસીને એકતા, અખંડિતતા, ભાતૃભાવ, પ્રેમ અને સંપથી રહી બંધુત્વની ભાવના જગાડી માનવગરિમા જાળવવા પર ભાર મૂકી ભારત દેશને મજબૂત બ.નાવવાનો સંદેશ ડો. બાબા સાહેબ આંબેડકરે દેશવાસીઓને આપ્યો છે.

- **ડૉ આંબેડકર અને સ્ત્રી સશક્તિકરણ :-**

ભારતીય નારીને સમાજમાં મોભા ભર્યું સ્થાન મળે તેમનું જીવન ઉન્નત બને તથા ભારતીય નારી શોષણથી મુક્ત બને તે માટે ડૉ. બાબાસાહેબ આંબેડકરે કેટલા પ્રયાસો કર્યા,તેમજ નારી હિન્દુ ખ્રિસ્તી, શીખ, બૌદ્ધ, દલિત કે મુસ્લિમ કોઈપણ સમાજમાંથી આવતી હોય બાબા સાહેબ એ તેમના કાર્યકાળ દરમિયાન નારીના ઉત્કર્ષ માટે હંમેશા પ્રયત્નો કર્યા છે.

ડો. ભીમરાવ આંબેડકર બહુ થોડા ભારતીય ચિંતકોમાના એક હતા. કે જેમણે સામાજિક પુનરુત્થાનમાં મહિલાઓની જાગૃતિની કલ્પના કરી હોય લંડનની ગોમળેજી  પરિષદમાં તેમણે મહિલાઓના મતાધિકાર માટે બ્રિટિશ સરકાર સમક્ષ જોરદાર રજૂઆત કરી હતી. તેઓ માત્ર પુરુષો વચ્ચેની જ સમાનતાના ચાહક ન હતા પરંતુ સ્ત્રી પુરુષ વચ્ચે સમાન દરજ્જો, સમાન તક અને ગૌરવના હિમાયતી હતા.

➢ **ડૉ. આંબેડકર અને લોકશાહી :-**

ડૉ. બાબાસાહેબ આંબેડકરને જ્યારે બંધારણ ઘડવાની તક મળી ત્યારે માનવીને માનવ તરીકેના અધિકારો પ્રદાન કરવા તેમણે આજીવન સંઘર્ષ કર્યો અને તેના ફળ સ્વરૂપે એક ઉત્તમ પ્રકારનું લોકશાહી પદ્ધતિનું બંધારણ ભારતને પ્રાપ્ત થયું.

ડૉ. આંબેડકરના મતે પ્રત્યેક ભારતવાસીમાં બંધુત્વની ભાવના જાગી ઉઠશે, ત્યારે જ રાષ્ટ્રીય એકતા પ્રસ્થાપિત થશે. ઊંચ, નીચ, જાતિ,રંગ, કોમના ભેદભાવ બાજુ પર મૂકીને નાગરિક જો ભાઈ ચારાની ભાવનાથી ખભેખભા મિલાવીને એક સાથે સંલગ્ન થશે તો ભારત દેશ જરૂરથી મજબૂત બનશે અને રાષ્ટ્રીય એકતા બળવાન બનશે. આપણું બંધારણ શાંતિ, સદ્ ભાવ અને સહઅસ્તિત્વનો સ્વીકાર કરે છે, તેથી રાષ્ટ્રની પ્રગતિ અવશ્ય થશે.

આમ, બાબાસાહેબ આંબેડકરે જે ભાવથી કામ કર્યું તે સંપૂર્ણપણે શુદ્ધ રાષ્ટ્રીય ભક્તિ, સામાજિક ભક્તિ હતી, અને તેથી આપણું સંકલ્પ એવું હોવું જોઈએ — દલિત હોય, પીડિત હોય, શોષિત હોય, ગરીબ હોય, આદિવાસી હોય, ગામમાં રહેતા હોય, ઝુંપડપટ્ટીમાં રહેતા હોય, શિક્ષણની તલપ ધરાવતા હોય — જો આપણને તેમના માટે કંઈક કરવાનું હોય, તો બાબાસાહેબ આંબેડકર હંમેશા આપણો પ્રેરણાસ્રોત છે, એમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ કહ્યું છે.

## 7. તારણો :-

આજના સમયમાં પણ આંબેડકર ની વિચારધારા એટલી જ પ્રસ્તુત છે. જાતિવાદ શૈક્ષણિક અંતર અસમાનતા અને સામાજિક ન્યાય જેવા પ્રશ્નો સામે લડવા માટેના વિચારો માર્ગદર્શક રૂપ બને છે તેથી ભારતને સશક્ત સમાનતા પૂર્ણ અને ન્યાયસંગત બનાવવા માટે આંબેડકરના વિચારોને અમલમાં લાવવો સમયની જરૂરિયાત છે.

## 8. સમાપન :-

ટૂંકમાં, ડૉ. બાબાસાહેબ આંબેડકરનું વિઝન એક એવા ભારતનું હતું, જ્યાં દરેક વ્યક્તિને સમાન માનવ ગણવામાં આવે અને તેને તેની ક્ષમતાઓ વિકસાવવા માટે સંપૂર્ણ તક મળે.

## 9. સંદર્ભ સૂચિ :-


"Home Page." The Statesman, n.d., https://www.thestatesman.com.

"Home Page." Dr. Babasaheb Ambedkar Open University (BAOU), n.d., https://baou.edu.in.

"Home Page." Sansad TV, n.d., https://sansadtv.nic.in.

"Home Page." Dr. Ambedkar: Writings and Speeches, n.d., https://drambedkarwritings.gov.in.

"Main Page." Wikipedia, n.d., https://en.wikipedia.org.

Patel, Priyankaben Kirtikumar. Dr. Babasaheb Ambedkar na Vicharo. April 2021. PhD dissertation.